અપીલ અરજી નં.૧૪૨ તા.૧૦–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી

સામાવાળાઃ–(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ, ઈન્કવાયરી)

(૨)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (લીંબાયતઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરિશચંદ્ર જે. નાણાવટીની આઈ ડી.નં.૪૦૯ તા.૧૮–૭–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ પૂર્વકમિશ્નરશ્રી ધ્વારા એ આર.ઓ શ્રી દિપકભાઈ શુકલને રેવન્યુ ડીપાર્ટમેન્ટ વાળી જગ્યા પર કામગીરી ન સોંપવી તેવો શેરો મારેલ હોવા છતાં કામગીરી સોંપવામાં આવેલ તે વહીવટી બાબત છે તેવું જણાવેલ છે પૂર્વ કમિશ્નરશ્રીએ તેઓની કામગીરી અને અન્ય બાબતો અંગે શિક્ષા કરવાના હેતુસર ઉપરોકત શેરો મારેલ છે જેથી તેમને કરેલી શિક્ષાઓ અમલ થતો નથી તેથી તેમને મુળ જગ્યાએ રેવન્યુ ડીપાર્ટ. સિવાયની જગ્યા ઉપર બદલી કરવી જોઈએ શિક્ષાનો કયા કારણસર અમલ કરેલ નથી તેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.ર લીંબાયતઝોન ખાતે શ્રી શુકલની તા.૧ –૮–૦૬ થી તા.૧૫–૮–૦૭ ની ફરજ દરમ્યા કેટલા તુમારો કેટલા સમય સુધી પડતર રાખ્યા અને કયા કારણસર પડતર રાખ્યા તેની પૂરી વિગત આપવી મુદા નં.૩ વરાછાઝોનમાં તેમની ફરજ દરમ્યાન ફરજ મૌકુફી હેઠળ મુકયા બાદ ખાતાકીય તપાસ પૂર્ણ થયેલ છે કે કેમ જો પૂર્ણ થયેલ હોય તો કેટલા આરોપો મુકવામાં આવેલ અને તે આરોપો પૈકી કેટલા આરોપો પુરવાર થયેલ છે? કેટલા આરોપો અંશતઃ પુરવાર થયેલ છે? અને કેટલા આરોપો પુરવાર થયેલ નથી તેની માહિતી તથા તે ખાતાકીય તપાસ કયા તબકકા હેઠળ છે તેની પૂરી વિગતો આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૦–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૪૨/૦૯–૧૦

શ્રી હરિશચંદ્ર જે. નાણાવટીની આઈ ડી.નં.૪૦૯ તા.૧૮–૭–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ પૂર્વકમિશ્નરશ્રી ધ્વારા એ આર.ઓ શ્રી દિપકભાઈ શુકલને રેવન્યુ ડીપાર્ટમેન્ટ વાળી જગ્યા પર કામગીરી ન સોંપવી તેવો શેરો મારેલ હોવા છતાં કામગીરી સોંપવામાં આવેલ તે વહીવટી બાબત છે તેવું જણાવેલ છે પૂર્વ કમિશ્નરશ્રીએ તેઓની કામગીરી અને અન્ય બાબતો અંગે શિક્ષા કરવાના હેતુસર ઉપરોકત શેરો મારેલ છે જેથી તેમને કરેલી શિક્ષાઓ અમલ થતો નથી તેથી તેમને મુળ જગ્યા એ રેવન્યુ ડીપાર્ટ. સિવાયની જગ્યા ઉપર બદલી કરવી જોઈએ શિક્ષાનો કયા કારણસર અમલ કરેલ નથી તેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.ર લીંબાયતઝોન ખાતે શ્રી શુકલની તા.૧–૮–૦૬ થી તા.૧૫–૮–૦૭ ની ફરજ દરમ્યા કેટલા તુમારો કેટલા સમય સુધી પડતર રાખ્યા અને કયા કારણસર પડતર રાખ્યા તેની પૂરી વિગત આપવી મુદા નં.૩ વરાછાઝોનમાં તેમની ફરજ દરમ્યાન ફરજ મૌકુફી હેઠળ મુકયા બાદ ખાતાકીય તપાસ પૂર્ણ થયેલ છે કે કેમ? જો પૂર્ણ થયેલ હોય તો કેટલા આરોપો મુકવામાં આવેલ અને તે આરોપો પૈકી કેટલા આરોપો પુરવાર થયેલ છે? કેટલા આરોપો અંશતઃ પુરવાર થયેલ છે? અને કેટલા આરોપો પુરવાર થયેલ નથી? તેની માહિતી તથા તે ખાતાકીય તપાસ કયા તબકકા હેઠળ છે તેની પૂરી વિગતો આપવા બાબતે મુદ્દા નં.૧ પૂર્વ કમિશ્નરશ્રીના હુકમના અમલ કરવા બાબતેની રજૂઆત તથા મુદ્દા નં.ર અંગે નહીં મળેલી માહિતી બાબત તથા મુદ્દા નં.૩ અંગે માહિતી મળવા બાબતની રજૂઆત કરી માહિતીના ઈન્કારના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૮ તા.૨૫–૮–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ, ઈન્કવાયરી),એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તરફથી અરજદારની મુળ અરજી ની નકલ, અરજદારને પાઠવેલ નં.જીએડી/ઈએસટી/૧૩૦૯ તા.૩૧–૭–૦૯ ના પત્રની નકલ, તથા સેન્ટ્રલઝોને તબદીલ કરેલ નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૪૮૮ તા.૨૧–૭–૦૯ નો તબદીલ પત્રની નકલ, અત્રે પૂરક વિગતોમાં તેમના પત્ર નં.૧૭૦૮ તા.ર–૯–૦૯ થી રજૂ કરેલ છે અને મ. જાહેર માહિતી અધિકારી અને ખાતાકીય તપાસ અધિકારી તરફથી પત્ર નં.૪૯૦ તા.૧–૯–૦૯ સાથે સદર પત્રની તબદીલ પત્રની નકલ, અરજદારની મુળ અરજી, અરજદારને નં.જીએડી/ઈએસટી/આઈ/૩૬૮ તા.૨૮–૭–૦૯ થી આપેલ માહિતીના પત્રની નકલ, તથા કમિશ્નરશ્રીએ આપેલ નં.જીએડી/ઈએસટી/આઈ/૨૯૮ તા.૧૪–૭–૦૯ ની શિક્ષા અંગેની કારણદર્શક નોટીસની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. તથા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (લીંબાયતઝોન) તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/આ.નં.૧૮૯૪ તા.૨૯–૮–૦૯ થી સદર તબદીલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, તથા અરજદારને આપેલ માહિતી સાઈ.ઝોન/મહેકમ /૧૬૯૯ તા.૨૦–૮–૦૯ ના રોજ પાઠવેલ પત્રની નકલ, તથા તેના યુપીસી કર્યાની પુરાવાની નકલ જ રજૂ કરેલ છે. તથા સા.ઈ.ઝોન/મહેકમ/૧૮૨૫ તા.૨૭–૮–૦૯ ના રોજ રૂા.૬/– ભરપાઈ કરી આપેલ માહિતીની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૮–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ઉપરોકત જણાવેલ મુદ્દા નં.૧ અંગે ડે.કમિશ્નર(પઅનેઈ) કક્ષાએથી નં.જીએડી/ઈએસટી/૧૩૦૯ તા.૩૧–૭–૦૯ થી "મહાનગરપાલિકાના વહીવટીવડા માન. કમિશ્નરશ્રી કોર્પોરેશનના વહીવટી હિતમાં જે તે સમયે કામગીરી સોંપણીના હુકમો કરતાં હોય છે જે મુજબ હુકમ થયેલ છે" તેવી માહિતી પૂરી પાડેલ છે. જે અંગે અરજદારે અપીલ અરજીમાં પૂર્વ કમિશ્નરશ્રી તરફથી શિક્ષાના હેતુસર રેવન્યુ કામગીરી ન સોંપવા અંગેનો હુકમ કરવામાં આવેલ છે છતાં તેવી કામગીરી કોર્પોરેશનના વહીવટી હિતમાં સોંપણી કરતાં હુકમ કરેલ હોવાનું જણાવેલ છે.તો આવા હુકમ કરવા પાછળ વહીવટી હિત સમાયેલું છે કે ફકત દિપક શુકલ જ રેવન્યુને લગતી કામગીરી કરી શકે? કોર્પોરેશનમાં ઘણા બધા એઆરઓની કામગીરી કરી શકે તેવા સક્ષમ અધિકારી છે તો તેઓને આવી કામગીરી કેમ સોંપવામાં આવતી નથી? જે અધિકારીઓ કોર્પોરેશનની ઈમેજને કાયમી ધોરણે નુકશાન પહોંચાડતો હોય તેવા અધિકારીને છાવરવામાં આવતા હોવાનું જણાવી માંગણી મુજબ તેઓને તાકીદની અસરથી રેવન્યુ સિવાયની કામગીરી સોંપવી જોઈએ અને અગાઉના પૂર્વ કમિશ્નરે કંઈક વિચારીને જે હુકમ કરેલ છે તેનો અમલ કરાવવો જોઈએ તેવો આગ્રહ અરજદારે અપીલ તબકકે રજૂ કરેલ છે. જે કાર્યવાહી હાથ ધરવાને લગતી બાબત છે. જે અંગે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે અરજદારનો આગ્રહ આરટીઆઈ એકટની માહિતી ઉપલબ્ધ કરાવવાની જોગવાઈઓ સાથે સુસંગત નથી. મુદ્દા નં.ર અંગે ઉપરોકત વિગતે માંગવામાં આવેલી માહિતી બાબતે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (લીંબાયતઝોન) કક્ષાએથી આ.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૬૯૯ તા.૨૦–૮–૦૯ ના રોજ અરજદારને "લીં બાયતઝોન ખાતે આકારણી અને વસુલાત અધિકારી તરીકે દીપક શુકલની તા.૧–૮–૦૬ થી તા.૧૫–૮–૦૭ સુધીની ફરજ દરમ્યાન ૧૭ તુમારો તા.૩૦–૧૦–૦૬ થી તા.૧૫–૮–૦૭ સુધી પાતાની પાસે ડતર રાખ્યા હતાં સદર તુમારોમાં નામ ટ્રાન્સફર, વધારાનું બાંધકામ તથા ઉપયોગના પ્રકારમાં ફેરફારની નોંધ આકારણી દફતરે કરવા માટેની અરજી /પુરાવા સહિતના પેપરો સામેલ છે. સદર તમામ ફાઈલો/તુમાર લીંબાયતઝોન વિસ્તારમાં આવેલ મીઠી ખાડી તથા રાજીવનગર ઝુંપડપટ્ટી વિસ્તારના છે કમિશ્નરશ્રીના આદેશાનુસાર ઝુંપડપટ્ટી વિસ્તારમાં નામ ટ્રાન્સફર કરવા/ નવા દાખલ કરવાની પૂર્વ મંજુરી વિના કોઈ કાર્યવાહી કરવી નહીં તેથી સદર તુમાર પેન્ડીંગ રાખવામાં આવેલ છે. મે. કમિશ્નરશ્રીના આદેશની નકલ જરૂરીયાત હોય તો પાના નંગ–૩ ના રૂા.૬/– સીવીક સેન્ટરમાં ભરપાઈ કરી મુળ રસીદ લીંબાયતઝોનના મહેકમ વિભાગમાં રજૂ કર્યેથી મેળવી શકાશે. જે સા.ઈ.ઝોન/મહેકમ/૧૮૨૫ તા.૨૭–૮–૦૯ થી પૂરી પાડયાની નકલ સામેલ કરેલ છે. તથા તે અંગેની તા.૨૩–૭–૦૭ ના રોજ પ્રોપર્ટીટેક્ષ સર્વે મુદ્દા નં. ૬ હેઠળની મીનીટસમાં સામેલ છે તે પત્ર નં.સી.એન/૧૪૫ તા.૩૦–૭–૦૭ ની નકલ અત્રે રજૂ કરેલ છે. જે યુપીસી કર્યા અંગેના પુરાવા પણ જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ છે. તેથી અરજદારે અપીલ તબકકે માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે તે વાજબી નથી. મુદ્દા નં.૩ અંગે ઉપરોકત વિગતે માંગવામાં આવેલી માહિતી બાબતે ડે.કમિશ્નર(પઅનેઈ) નં.જીએડી/ઈએસટી/આઈ/૩૬૮ તા.૨૮–૭–૦૯ થી " એઆરઓ શ્રી દીપક શુકલને તેઓની વરાછાઝોનની રફજ દરમ્યાન ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવ્યા બાદ આપવામાં આવેલ ચાર્જશીટ અંગેના તારણ રીપોર્ટ રજૂ કરેલ છે અને હાલ તેઓને શિક્ષા અંગેની કારણદર્શક નોટીસ પણ આપવામાં આવેલ છે. જે અંગે કાર્યવાહી હાલ ચાલુ છે અને આખરી નિર્ણય કરવાનો બાકી હોય આરટીઆઈ એકટની કલમ–૮(૧) (આઈ) ની જોગવાઈ અન્વયે માંગ્યા મુજબની માહિતી હાલ પૂરી પાડી શકાય તેમ નથી. જે કાયદા સાથે સુસંગત છે. આ ઉપરાંત અરજદારની મુદ્દા નં.૧ અને ૩ કાર્યવાહીને લગતી બાબતે અત્રેથી નં.આરટીઆઈ સેલ/પ૩૭ તા.૨૫–૮–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) મધ્યસ્થ મહેકમને અરજદારની જાણ હેઠળ પત્ર પાઠવવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરદારને પૂરી પાડવામાં આવેલ છે. જેથી માહિતી સબંધે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અપીલના મુદ્દા નં.ર અંગે અરજદારને માહિતી નહીં મળ્યાની રજૂઆત બાબતે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને અરજદારને પુનઃ માહિતીની નકલ પૂરી પાડવા જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૧ અને ૩ બાબતે કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા માટે સ્વતંત્ર છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ, ઈન્કવાયરી) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (લીંબાયતઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી,